# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-02-2025** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત પહેરવાના અભિયાનનો આજથી આરંભ.**
2. **E.V.M. ચેકિંગ અને ચૂટણી બૂથો તૈયાર કરવા સહિતની કામગીરી સાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તડામાર તૈયારીઓ, રાજકીય પક્ષો દ્વારા પૂરજોશમાં પ્રચાર.**
3. **આજે R.T.O. કચેરીઓમાં લાઈસન્સ સહિતની કામગીરી થશે નહીં**
4. **સેંકડો માઇ ભક્તો દ્વારા કરવામાં આવી રહેલી 51 શક્તિપીઠ પરિક્રમાનો આજે છેલ્લો દિવસ.**
5. **નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઇગ્લેંડ સામેની ત્રીજી અને અંતિમ વન-ડે મેચ રમવા ટીમ ઇન્ડિયા અમદાવાદ પહોંચી.**
6. **રાજકોટમાં રમાઇ રહેલી રણજી ટ્રોફીની ક્વાર્ટર ફાઇનલ મેચમાં સૌરાષ્ટ્ર સામે ગુજરાતને 295 રનની સરસાઇ મળી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GOVT . EMPLOYEE –TRAFFIC RULE

રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે, સરકારી કર્મચારીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સ્પષ્ટપણે સૂચના આપી છે.

રાજ્યની સરકારી કચેરીઓના પ્રવેશ અને નિકાસ ઉપર ટ્રાફિક પોલીસ હાજર રહેશે તેમજ હેલ્મેટ નહિ પહેરેલ કર્મચારી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આજથી આ નિયમનું કડક પાલન કરાવવા અંગે શ્રી સહાયે સૂચના આપી છે.

# LOCAL BODY ELECTION (PAGE 1)

સમગ્ર રાજયમાં ૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડની ૧ હજાર ૮૪૪ બેઠકો પર યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં બૂથ તૈયાર કરવા , ઇવીએમ ચેકિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આગામી ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મતદાન યોજાશે.

છોટાઉદેપુર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોધાવી.છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા મતદાન કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી ગાર્ગી જૈનને સરકારી પોલીટેકનીક છોટાઉદેપુર ખાતેના સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત EVM મશીન વિશેની માહિતી મેળવી હતી.છોટાઉદેપુર નગરપાલિકાના મતદાન મથક મુલાકાત લઇ અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

અમરેલી જિલ્લામાં 16 ફેબ્રુઆરીના રોજ તમામ ઔદ્યોગિક એકમો, કારખાના અને બાંધકામ ક્ષેત્રના શ્રમયોગીઓને મતદાન માટે સવેતન રજા આપવામાં આવશે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર કારખાના માલિક કે નોકરીદાતા સામે કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જૂનાગઢ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના નાયબ નિયામકે જણાવ્યું કે,

રાજકોટ ખાતે ૧૬ ફેબ્રુઆરીના મતદાનના દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેમ મદદનીશ શ્રમ આયુક્ત રાજકોટ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

નર્મદા જિલ્લાની ડેડીયાપાડા અને સાગબારા  તાલુકા પંચાયતની બે પેટા ચૂંટણી 16 ફેબ્રુઆરીએ યોજાવાની છે.

જેમાં દેડીયાપાડામાં ઝાંક તાલુકા પંચાયત બેઠક અને સાગબારામાં ભાદોડ તાલુકા પંચાયત બેઠક ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર મેદાનમાં છે. ભાજપ પોતાની બેઠકો જાળવી રાખવા સંગઠનની ટીમો ઉતારી દીધી છે..ત્યારે ખાસ કરીને ઝાંક બેઠક પર ભારે રસાકસી જોવા મળી રહી છે.

ભાવનગર તારાવડવા- બ ની પેટા ચૂંટણીમાં જીત માટે દરેક પક્ષો એડી ચોટીનું જોર લગાવી રહયા છે ગઇકાલે રોજ ધારાસભ્ય જીતુ વાઘાણીએ પોતાના મતવિસ્તારના વડવા- બ વૉર્ડમાં 'ઘર ઘર સંપર્ક યાત્રા' દ્વારા ભાજપની જીતને પાક્કી કરી હતી.

મહીસાગર જિલ્લાની લુણાવાડા નગરપાલિકાની ચૂંટણી મટે કોંગ્રેસે પણ એડી ચોટીનું જોર લગાવ્યું છે.. કોંગ્રેસના નેતાઓ દ્વારા આ વિસ્તારમાં બેઠકો યોજવામાં

આવી રહી છે.. આ ઉપરાંત ગઇકાલે સાંજે સાણંદ ખાતે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જાહેર સભા સંબોધી હતી.

# GANDHINAGAR EVM CHECKING

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે EVMની ચકાસણી કરાઇ રહી છે. આ અંગે ગઈકાલે માહિતી આપતા તાલુકા ચુંટણી અધિકારી મલય ભૂવાએ જણાવ્યું કે કુલ 224 બુથ પર 280 EVM તૈયાર કરાઇ રહ્યા છે.

**(બાઇટ: મલય ભૂવા- તાલુકા ચુંટણી અધિકારી)**

# RTO HADTAL

રાજ્યની મોટાભાગની RTO કચેરીમાં આજે લાઈસન્સને લગતી કામગીરી બંધ રહેશે. RTO ઇન્સ્પેક્ટરોએ પડતર પ્રશ્નોને લઇને આજે હડતાળની જાહેરાત કરતા આજે તમામ આરટીઓ કચેરીઓ ખાતે લાઈસન્સ સહિતની કામગીરીથી અડગા રહેવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત મોટર્સ વહિકલ વિભાગ ટેક્નિકલ ઓફીસર એસોસિએશન દ્વારા આ હડતાળ કરવામાં આવી હોવાની માહીતી ગાંધીનગરના A.R.T.O. ડી.બી. વણકરે આપી હતી.

**(બાઈટ-: D. B વણકર, ARTO, ગાંધીનગર)**

# SHAKTI PITH PARIKRAMA

શક્તિ ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમા માય ભક્તોના આસ્થાના કેન્દ્ર એવા અંબાજી ખાતે 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ચાલી રહ્યો છે. આજે 51 શક્તિપીઠ પરિક્રમાનો છેલ્લો અને અંતિમ દિવસ છે.

માઈ ભક્તો 51 શક્તિ પીઠના દર્શન કરી પદયાત્રા અને પરિક્રમાના સંગમથી દિવ્યતા અને ધન્યતાનો અનુભવ મેળવી રહ્યા છે. એક જ જન્મ માં એક જ સ્થળે તમામ 51 શક્તિપીઠના દર્શન કરવાનો અવસર શક્તિપીઠ ગબ્બર અંબાજી ખાતે પ્રાપ્ત થઈ રહ્યો છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ – સવજી ચૌધરી)**

# AMA SOCIAL MEDIA TRAINING

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે MyGov પોર્ટલની કામગીરી અંગેની બે દિવસીય તાલીમની શરૂઆત થઈ છે.

MyGov પોર્ટલ માટે ક્રિએટીવ અને એન્ગેજીંગ કન્ટેન્ટ તૈયાર કરવું, પોર્ટલનું સુચારૂ સંચાલન કરવું તથા નાગરિકોને મોટી સંખ્યામાં સરકારી કેમ્પેઇનમાં જોડવા અંગે MyGov Indiaના નિયામક અને MyGov, દિલ્હીની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ તાલીમમાં માહિતી નિયામકની કચેરી હેઠળ ફરજ બજાવતા અધિકારી, કર્મચારીઓ, તમામ જિલ્લાના સોશિયલ મીડિયા નોડલ અધિકારીશ્રીઓ સહિત દરેક

વિભાગકક્ષાએ સોશિયલ મીડિયાની કામગીરી સંભાળતા અધિકારી/કર્મચારીઓ મળીને અંદાજીત 150 જેટલા અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# TEAM INDIA AHMEDABAD

ભારત અને ઇગ્લેંડ વચ્ચે રમાનારી ત્રીજી અને અંતિમ  વન ડે મેચ રમવા માટે ભારતની ટીમ ગઇકાલ મોડીરાત્રે ટીમ ઇન્ડિયા અમદાવાદમાં પહોંચી હતી.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે બુધવારના રોજ ત્રીજી અને છેલ્લી મેચ રમાનારી છે. ત્યારે સલામતીની ચુસ્ત વ્યવસ્થા વચ્ચે એરપોર્ટથી ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને હોટલ લઇ જવાયા હતા.

આજે ટીમ ઇન્ડિયા આરામ કરીને આવતીકાલે ઇગ્લેંડ સામે મેદાનમાં ઉતરશે.

ભારતે 2-0થી શ્રેણી જીતી લીધી છે.

# RANJI TROPHY

રાજકોટમાં રમાય રહેલી રણજી ટ્રોફીની ચોથી ક્વાર્ટર ફાઈનલમાં ગુજરાત ટીમે 295 રનની લીડ મેળવી છે.

જયમીત પટેલ અને ઉર્વિલ પટેલની નોંધાયેલી શાનદાર સદીની સાથે સૌરાષ્ટ્રના 216 રન સામે ગુજરાતે 551 રનનો સ્કોરની મદદથી ગુજરાત ટીમે ચોથી ક્વાર્ટર ફાઈનલમાં સૌરાષ્ટ્ર સામે પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

# CRICKET - METRO TIMING

દરમિયાન ક્રિકેટ મેચને કારણે ૧૨ ફેબ્રુઆરીએ મેટ્રો ટ્રેન રાત્રિના ૧૨ વાગ્યા સુધી ચાલશે.

૧૨ ફેબ્રુઆરીને બુધવારે, મોટેરાથી એપીએમસી અને થલતેજથી વસ્ત્રાલ સુધી મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે મળશે. રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમિયાન માત્ર, મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે કે જે આખા દિવસ દરમિયાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઇકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી તે દિવસે અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઇનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.

મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે.

# NATIONAL GAME

નેશનલ ગેમ્સમાં ગુજરાતના ટેનિસમાં મહિલા ટીમે સુવર્ણ ચંદ્રક અને સ્વિમિંગમાં કાંસ્ય ચંદ્રક મેળવી ગુજરાતનું નામ રૌશન કર્યું છે.

ગુજરાતની વૈદેહી ચૌધરી અને ઝીલ દેસાઈએ ફાઈનલમાં મહારાષ્ટ્રની ટીમને 6-3, 6-2થી વિજય સુવર્ણ ચંદ્રક જીત્યો. આ ઉપરાંત વૈદેહી ચૌધરીનો વિમેન્સ

સિંગલ્સની સેમિફાઈનલમાં આકાંક્ષા સામે 6-1, 3-6, અને 6-4થી વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ.

ગુજરાતના દેવ જાવિયાએ તામિલનાડુના મનીષ સુરેશ કુમાર સામની સેમિફાઈનલમાં 6-2, 3-6, 6-4થી વિજય મેળવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

આજે બંને રમતની ફાઈનલ રમાશે.